[આ ગુજરાતી અનુવાદ અસલ અંગ્રેજી પરથી કરવામાં આવેલ છે. અર્થઘટન અંગેના કોઈ પણ વિવાદના સંજોગોમાં અસલ અંગ્રેજી લખાણ સ્વીકાર્ય ગણાશે]

# અધીનસ્થ કર્મચારીઓ ની ભરતી : ૨૦૧૬-૧૭

બેંક ઓફ બરોડા, અમદાવાદ ઝોન, ઝોનલ ઓફીસ, અમદાવાદ, ગુજરાત રાજ્ય ના વિવિધ જીલ્લાઓમાં આવેલ શાખાઓ અને ઓફિસો માટે **પૂર્ણ સમય ના સફાઈ કામદાર -કમ- પટાવાળા / પટાવાળા** ના પદ માટે અરજીઓ મંગાવે છે જેની વિગતો નીચે મુજબ છે ::-

| રાજ્ય | પદ | કુલ જગ્યા # | અનુસુચિત જાતિ | અનુસુચિત જનજાતિ | અન્ય પછાત વર્ગ | બિન અનામત @ | જેમાંથી | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | શારીરિક વિકલાંગ | નબળી દ્રષ્ટિ | સંભાળવા ની તકલીફ | ભૂતપૂર્વ સૈનિક |
| ગુજરાત* | પૂર્ણ સમય ના સફાઈ કામદાર –કમ- પટાવાળા | ૨૦૯ | ૫ | ૨૩ | ૫૦ | ૧૩૧ | ૩૨ | ૨ | ૨ | ૫૦ |
| | પટાવાળા | ૮ | ૦ | ૧ | ૩ | ૪ | ૧ | ૦ | ૦ | ૦ |

***** *અમદાવાદ, ખેડા,આણંદ, કચ્છ, ગાંધીનગર, સાબરકાંઠા, જામનગર, જુનાગઢ, ગીર-સોમનાથ, મહેસાણા, બનાસકાંઠા, રાજકોટ, ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલી, મોરબી, બોટાદ, પાટણ જીલ્લાઓની શાખાઓ/ઓફિસો માટે.*

*# પસંદગી પામેલ ઉમેદવારો ની, બેંક પોતાની ની પ્રશાસનિક આવશ્યકતા અનુસાર, ગુજરાત ની કોઈ પણ શાખા/કાર્યાલય માં નિમણુક કરી શકશે.*

@ અનુસુચિત જાતિ ના ઉમેદવારો બિન-અનામત જગ્યાઓ માટે પણ અરજી કરી શકશે, પરંતુ તેમને બિન-અનામત શ્રેણી ના ઉમેદવાર માટે ની માર્ગદર્શિકા લાગુ પડશે.

સરકારી ધારાધોરણ મુજબ અનામત ઉપલબ્ધ રહેશે.

# :: યોગ્યતા ના માપદંડ ::

## ઉંમર :-

તારીખ ૦૩/૧૨/૨૦૧૬ ના રોજ ઉમેદવારે ૧૮ વર્ષ પૂરા કરેલ હોવા જોઈએ પણ ૨૬ વર્ષ કરતા વધુ ઉંમર ન હોવી જોઈએ. અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ/અન્ય પછાત વર્ગ/વિકલાંગ/ભૂતપૂર્વ સૈનિક ઉમેદવારો ને સરકારી માર્ગદર્શિકા મુજબ વયમર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.

| શ્રેણી | ઉપલી વય મર્યાદા માં છૂટછાટ |
|---|---|
| સામાન્ય (બિન અનામત) | શૂન્ય |
| અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ | ૫ વર્ષ |
| અન્ય પછાત વર્ગ (નોન ક્રિમીલેયર) | ૩ વર્ષ |
| શારીરિક વિકલાંગ | ૧૦ વર્ષ |
| વિધવા, છૂટાછેડા થયેલ સ્ત્રી અને પતિ થી કાયદેસર રીતે અલગ થયેલ પણ ફરી થી લગ્ન નહીં કરેલ સ્ત્રી | ૯ વર્ષ |
| ભૂતપૂર્વ સૈનિક / વિકલાંગ ભૂતપૂર્વ સૈનિક | સંરક્ષણ દળો માં સેવા આપેલ વાસ્તવિક સમય + ૩ વર્ષ (અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ ના ભૂતપૂર્વ સૈનિક માંટે ૮ વર્ષ) – એકંદર મહત્તમ ઉંમર મર્યાદા ૫૦ વર્ષ |
| ૦૧-૦૧-૧૯૮૦ થી ૩૧-૧૨-૧૯૮૯ દરમિયાન જમ્મુકાશ્મીર રાજ્ય ના મૂળ - રહેવાસી | ૫ વર્ષ |
| વર્ષ ૧૯૮૪ ના રમખાણો થી અસરગ્રસ્ત વ્યક્તિઓ | ૫ વર્ષ |
| યુનિયન કાર્બાઈડ ફેક્ટરી, ભોપાલ ની સેવામાંથી છુટા કરાયેલા નિયમિત કર્મચારીઓ [ફક્ત મધ્યપ્રદેશ રાજ્ય માટે લાગુ] | ૫ વર્ષ |

*અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ / અન્ય પછાત વર્ગના ઉમેદવારને જો બાકી રહેલ અન્ય શ્રેણી પણ લાગુ પડતી હશે તો, તેઓની વય મર્યાદા, અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિ / અન્ય પછાત વર્ગ ની શ્રેણી ની વય મર્યાદામાં અન્ય લાગુ પડતી શ્રેણીમાંથી કોઈ પણ એક શ્રેણીની વય મર્યાદા ઉમેરી સંચયિત રીતે ઉપલી વય મર્યાદામાં છૂટછાટ આપવામાં આવશે.*

*મહત્તમ વય મર્યાદા ૨૬ વર્ષ સામાન્ય શ્રેણીના ઉમેદવારો માટે લાગુ પડે છે.*

## શૈક્ષણિક યોગ્યતા :-

- ધોરણ ૧૦ અથવા સમકક્ષ પરીક્ષા ઉતીર્ણ કરેલ હોવી જોઈએ.
- ઉમેદવાર સ્થાનિક ભાષા વાંચી અને લખી શકતા હોવા જોઈએ. અંગ્રેજી ભાષા ના જ્ઞાન ને વધારા નો ભારાંક આપવામાં આવશે.

## અરજી ફી :-

અરજી ફી / સૂચના ખર્ચ [ઓનલાઈન પેમેન્ટ] નીચે મુજબ છે ::

- રૂ. ૧૦૦/- અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ/વિકલાંગ/ભૂતપૂર્વ સૈનિક ઉમેદવારો માટે
- રૂ. ૪૦૦/- અન્ય ઉમેદવારો માટે

*નોંધ ::- અરજી ફી ના ઓનલાઈન પેમેન્ટ અંગે ના બેંક ના વ્યવહાર નો ખર્ચ/માહિતી ખર્ચ ઉમેદવારે ભોગવવા નો રહેશે.*

**ઓનલાઈન અરજી કરવા ની અંતિમ તારીખ ૧૩/૧૨/૨૦૧૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી છે.**

## ફી ચુકવણી ની પદ્ધતિ :-

- **ઓનલાઈન ચુકવણી [ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ, નેટ બેન્કિંગ]** – ફી/માહિતી આપવાના ખર્ચ ની ઓનલાઈન ચુકવણી અંગેના બેંક ના વ્યવહારનો ખર્ચ ઉમેદવારે ભોગવવાનો રહેશે.
- **ઓફલાઈન ચુકવણી [બેંક ઓફ બરોડા ના ચલણ દ્વારા]** – ઓનલાઈન અરજી કર્યા પછી ફી ભરવા માટે એક પે-ઈન-સ્લીપ બનશે [બેંક ઓફ બરોડા ચલણ]. ફક્ત આ જ પે-ઈન-સ્લીપ નો ઉપયોગ ફી ભરવા માટે કરવો જેથી ફી યોગ્ય રીતે બેંકના ખાતામાં જમા થાય. નજીકની બેંક ઓફ બરોડા ની શાખામાં સદર પે-ઈન-સ્લીપ સાથે લઈ જઈ જરૂરી રકમ શાખામાં ભરવી.

## પસંદગી પ્રક્રિયા :-

ઉમેદવારો ની પસંદગી ફક્ત પરીક્ષા દ્વારા [ઓનલાઈન/ઓફલાઈન] ગુણવત્તાના આધાર પર કરવામાં આવશે.

પૂર્ણ સમય ના સફાઈ કામદાર -કમ- પટાવાળા / પટાવાળા માટે ની ઓનલાઈન/ઓફલાઈન પરીક્ષાનું માળખું નીચે મુજબ રહેશે.

| નં | વિષય | કુલ માર્ક | પાત્રતા માટે લઘુત્તમ આવશ્યક ગુણ# | કુલ સમય |
|---|---|---|---|---|
| ૧ | સ્થાનિક ભાષા નું જ્ઞાન | ૩૦ | ૧૨ | ૨ કલાક |
| ૨ | અંગ્રેજી ભાષા નું જ્ઞાન | ૧૦ | ૪ | |
| ૩ | બેન્કિંગ સહીત સામાન્ય જાગૃતિ | ૨૦ | ૮ | |
| ૪ | પ્રાથમિક અંકગણિત/આંકડાકીય ક્ષમતા | ૨૦ | ૮ | |
| ૫ | સાઈકોમેટ્રિક ટેસ્ટ | ૨૦ | ૮ | |
| | કુલ | ૧૦૦ | ૪૦ | |

*# અનુસુચિત જાતિ/અનુસુચિત જનજાતિ ના ઉમેદવારો ને પ્રચલિત સરકારી માર્ગદર્શિકા મુજબ માર્ક માં ૫% ની છૂટ આપવામાં આવશે.*

સિવાય કે અંગ્રેજી ભાષા ના જ્ઞાન ની પરીક્ષા, અન્ય પરીક્ષાઓ દ્વિભાષી અર્થાત અંગ્રેજી તથા ગુજરાતી માં રહેશે.

બેંક પરીક્ષાનું માળખું સુધારવાનો અધિકાર પોતાની પાસે અબાધિત રાખે છે અને જેની સુચના બેંક ની વેબસાઈટ દ્વારા કરવામાં આવશે. પરીક્ષા અંગેની અન્ય વિગતવાર માહિતી, ઉમેદવારો ને તેમના કોલ લેટર સાથેની માહિતી પત્રિકામાં આપવામાં આવશે જેને બેંકની વેબસાઈટ ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે.

## અસ્વીકૃતિ ::

પસંદગી પ્રક્રિયા ના કોઈ પણ તબક્કે ઉમેદવારે ખોટી માહિતી આપ્યાનું અને/અથવા પ્રક્રિયાનું ઉલ્લંઘન કર્યાનું ધ્યાનમાં આવશે તો તે ઉમેદવાર ને પસંદગી પ્રક્રિયા માટે ગેરલાયક ઠેરવવામાં આવશે અને ભવિષ્યમાં થનાર પરીક્ષાઓ તેને/તેણી ને આપવા દેવામાં આવશે નહિ. જો વર્તમાન પસંદગી પ્રક્રિયા દરમ્યાન વણશોધાયેલ આવા પ્રસંગો ભવિષ્ય માં જાણમાં આવશે તો ગેરલાયકાત

પશ્ચાદવર્તી અસરથી ઠેરવવામાં આવશે.  બેંક આ ભરતી પ્રક્રિયા કોઈ પણ કારણો આપ્યા વગર રદ કરવાનો અધિકાર અબાધિત રાખે છે.  આ ભરતી સંબંધિત કોઈ પણ બાબતોમાં બેંક નો નિર્ણય આખરી અને તમામ ઉમેદવારો ને બંધનકર્તા રહેશે.